

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના બેરણા પ્રાથમિક શાળાના બાળકોનું 'મિશન વિદ્યા' અંતર્ગત કલેક્ટર પ્રવિણા ડી.કે.એ વાંચન, લેખન અને ગણનનું મૂલ્યાંકન કર્યું હતું.

# અંતે લો ગાર્ડન ખાણીપીણી બજાર બંધ

## લો ગાર્ડન ખાણીપીણી બજાર હટાવી દેવાતાં ખાણીપીણીના શોખીન રસિયાઓમાં ભારે નારાજગી

અમદાવાદ, તા.૧

શહેરની આગવી ઓળખ ગણાતાં પશ્ચિમ વિસ્તારનાં પ્રસિદ્ધ લો ગાર્ડનનાં ખાણી પીણી બજાર પર આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું તંત્ર ત્રાટક્યું હતું. મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાનાં સીધાં માર્ગદર્શન હેઠળ આજે સવારે પશ્ચિમ ઝોનની એસ્ટેટ વિભાગની ટીમ જેસીબી મશીન સાથે આ ખાણી પીણી બજાર પર ત્રાટકી હતી અને ગણતરીના કલાકોમાં લો ગાર્ડન વિસ્તારમાં વર્ષો જૂના ખાણીપીણી બજારના તમામ એકમોના શેડ, ટેબલ-ખુરશી તેમ જ રોડ પરના વિવિધ પ્રકારના દબાણો તાબડતોબ દૂર કરી ઝુંબેશ ચલાવતાં સમગ્ર વિસ્તાર અને શહેરભરમાં ભારે ચકચાર મચી ગઈ હતી. કારણ કે, લો ગાર્ડન શહેરીજનો માટે ખાણીપીણીનું લોકપ્રિય અને માનીતુ સ્થળ હતું. જયાં લોકો હરવા ફરવા આવવાની સાથે સાથે ખાણીપીણીની લુત્ફ ઉઠાવતા હતા. પરંતુ હવે આજથી અમ્યુકો તંત્રએ કાયમી ધોરણે લો ગાર્ડનનું ખાણી પીણી બજાર બંધ કરી દેવાયું છે. લો ગાર્ડનનું ખાણીપીણી બજાર હટાવી દેવાતાં ખાણીપીણીના શોખીન રસિયાઓમાં થોડી નારાજગીની લાગણી જોવા મળી હતી. મ્યુનિસિપલ તંત્ર દ્વારા ટ્રાફિક નિયમન બાબતે એક પછી એક આકરાં પગલાં લેવાઈ રહ્યાં છે. હાઈકોર્ટે કરેલી લાલ આંખને પગલે તંત્ર હરકતમાં આવ્યું છે. શહેરભરમાં પથરાયેલાં ખાણી પીણી બજારથી ગંદકી ઉપરાંત દબાણનો પ્રશ્ન હંમેશાં લોકોને પરેશાન કરતો રહ્યો છે. જેના કારણે કમિશનર વિજય નહેરાએ ખાણી પીણી બજારને પણ ટ્રાફિકની સુગમતા માટે નિશાન બનાવી હતી. આજે સવારે ૧૦ વાગ્યે લો ગાર્ડનનાં પ્રસિદ્ધ ખાણી પીણી બજાર પર તંત્ર અચાનક ત્રાટક્યું હતું. આ ખાણી પીણી બજારમાં ઓનેસ્ટ, અજય, અશરફી સહિતનાં ૪૯ યુનિટ ધમધમી રહ્યાં હતા. આ ખાણી પીણીનાં યુનિટ દ્વારા મોટા પ્રમાણમાં રોડ પર ટેબલ ખુરશી લગાવાતાં હોવાથી સવાર સાંજ ટ્રાફિકની સમસ્યા બહુ વિકટ બનતી આવી હતી. પરિણામે તંત્ર દ્વારા ખાણી પીણી બજારનાં જણાવ્યું હતું કે, આજે સવારે ૧૦ વાગ્યે હાથ ધરાયેલાં ઓપરેશન સામે અમુક લોકોએ વિરોધ નોંધાવ્યો હતો. જોકે તેની ખુરશી જપ્ત કરાયાં છે. સાંજ સુધી આ કામગીરી ચાલુ રાખી લો ગાર્ડનના આ ખાણી પીણી બજારના દબાણો દૂર કરી તેને કાયમી ધોરણે



દબાણને દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. પશ્ચિમ ઝોનનાં એસ્ટેટ ઓફિસર રાજેન્દ્ર જાધવે અવગણના કરીને તમામ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. સાતથી વધુ દબાણની ગાડીમાં ટેબલ બંધ કરાવી દેવાયું છે અને લો ગાર્ડનવાળા આ માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો હતો.

# પાટનગરમાં સમસ્યાના જંગલના બદલે મંગલમય વિકાસ કરો : કોંગ્રેસ

## સચિવાલયમાં બ્યૂરોક્રસીની નિવૃત્તિ પહેલા નવી ભરતી કરી અનુભવનો લાભ અપાવો : સરકાર નવો દ્રષ્ટિકોણ અપનાવે : ડો. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરનો ત્રેપનમાં વર્ષમાં પ્રવેશ પાટનગરનાં નગરજનો માટે વનવાસ બની નહીં રહેતાં જંગલમાં મંગલ સર્જાય તેવો દ્રષ્ટિકોણ અને વહીવટીય અભિગમ રાખવા રાજ્ય સરકારને અપીલ કરતાં કોંગ્રેસનાં પ્રદેશ પ્રવકતા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, આગામી ત્રણ વર્ષમાં સચિવાલયનો લગભગ તમામ સ્ટાફ નિવૃત્ત થઈ જવાનો છે ત્યારે આ સિનિયરોનાં અનુભવ અને સુઝબુઝ હેઠળ નવું-તાજું બ્યુરોક્રેટ્સ સક્ષમ બને તે માટે તમામ વિભાગોમાં ભરતી પ્રક્રિયા એક ઝૂંબેશ સ્વરૂપે હાથ ધરવી જોઈએ. ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે કોંગ્રેસ સરકાર દ્વારા આંધીનગરમાંથી સમગ્ર દેશનાં પાટનગરોમાં આગળ ઓળખ ઉભી કરનાર ગાંધીનગરની કરેલી રચનામાં તેનાં ૫૩માં જન્મદિને સૌ નગરજનો અને કર્મયોગીઓને વતન જેવો પ્રેમ આપવા બદલ કોંગ્રેસ તરફથી હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. આ સાથે ભાજપ સરકારને છેલ્લાં ૨૨ વર્ષમાં પાટનગરનો વિકાસ મહાત્મા મંદિરથી લઈ ગિફ્ટ સિટી પૂરતો મર્યાદીત નહીં રાખતાં એકાવનમાં વર્ષથી સમસ્યાઓનું જંગલ પેદા ના થાય તે માટે અપીલ કરી છે. ખાસ કરીને ૨૦૨૦ સુધીમાં સચિવાલયનાં પાયામાં રહેલાં લગભગ તમામ કર્મી - અધિકારીઓ નિવૃત્ત થઈ રહ્યાં છે ત્યારે તેમનાં વહીવટીય અનુભવ હેઠળ કર્મયોગીઓની નવી ફોજ તૈયાર થાય તે માટે દરેક વિભાગોમાં ભરતીની પ્રક્રિયા તાકીદે હાથ ધરી પૂર્ણ કરવી જોઈએ. આ ઉપરાંત નગરમાં નિવૃત્તોનો ધબકાર ઉત્સાહભર્યો રહે તે માટે બગીચા, જીમ, મનોરંજનની પ્રવૃત્તિઓ, ધાર્મિક પ્રવાસો જેવું સુદ્રઢ આયોજન કરવું જોઈએ.

ગાંધીનગરનાં એકાવનમાં સમસ્યાઓનું જંગલ પેદા થાય નહીં તે માટે આવાસ યોજના, પાર્કિંગ, રખડતા ઢોર, શ્રમજીવીઓ માટે રોજગારી, રીવરફ્રન્ટ, બોટીંગ સહિતનું પિકનીક સ્થળ, નવાં સેક્ટરોમાં શાળા, પોસ્ટ ઓફિસ, બેંક, બગીચા, રંગમંચ જેવી સુવિધાઓ ઝડપથી ઉભી કરવી જોઈએ. પાટનગર યોજના વિભાગ અને મહાનગરપાલિકા સહિતનાં વિભાગો વચ્ચેની વિસંગતતા તાત્કાલિક દૂર કરી પ્રજાનાં પ્રતિનિધિઓ મારફતે દરેક નગરજનોને પાટનગરની વિકાસ પ્રક્રિયામાં સામેલ કરવા જોઈએ. ડૉ. હિમાંશુ પટેલે આ પ્રસંગે નગરજનોને પણ કોઈ વનવાસ નહીં વેઠતા મંગલમય અભિવ્યક્તિ માટે આગળ આવવા અપીલ કરી છે.

### રાજ્યના તમામ મહાનગરોમાં ટ્રાફિક નિયમન અને વાહન પાર્કિંગના

# ચુસ્ત પાલન માટે ઝૂંબેશ હાથ ધરવા મુખ્યમંત્રીશ્રીના આદેશ

## મુખ્યસચિવશ્રીએ આ આદેશોના ત્વરિત અમલ માટે સાતેય મહાનગરોના કમિશનરો-પોલીસ સત્તાવાળાઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજી સૂચનાઓ આપી

ગાંધીનગર, તા.૧

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજયના તમામ મહાનગરોમાં અમદાવાદ મહાનગરની જેમ જ ટ્રાફિક નિયમન અને પાર્કિંગ પ્લેસ ખુલ્લા કરી નાગરિકોને વાહન યાતાયાત અને વાહન પાર્કિંગની કોઈ સમસ્યા ન રહે અને સગવડતા મળે તે માટેની ઝુંબેશ તાત્કાલિક શરૂ કરવા આદેશો આપ્યા છે..

મુખ્યમંત્રીશ્રીના આ આદેશોનો ત્વરિત અમલ કરવા આજે મોડી સાંજે રાજયના મુખ્ય સચિવ ડૉ.જે.એન.સિંહે ડી.જી.પી. શ્રી શિવાનંદ ઝા ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી તિવારી તેમજ શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ મુકેશ પુરીને સાથે રાખી અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર, જૂનાગઢ અને ગાંધીનગરના મ્યુનિસિપલ કમિશનરો અને પોલીસ કમિશનરો, સતા વાહકો સાથે વીડિયો કોન્ફરન્સ યોજીને આ આદેશોના ચુસ્ત અને કડક પાલન માટે માર્ગદર્શક સૂચનાઓ આપી હતી.

મુખ્યમંત્રીએ સી. એમ. કોમન મેન તરીકેની તેમની છબિ ઉજાગર કરતાં મહાનગરોના કોમન મેન માટે આ સંવેદના સ્પર્શી નિર્ણય કર્યો છે.



શ્રી સાર્વજનિક કેળવણી મંડળ સંચાલીત શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલયના મહેસાણાના ૬૪મા સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ સ્વ. જેઠાભાઈ એમ. ચૌધરીની અર્ધ પ્રતિમાનું અનાવરણ પ્રમુખ રમણભાઈ ખમારે કર્યુ હતુ. તે પ્રસંગની તસવીરમાં સંસ્થાના મંત્રી દિલીપ જે. ચૌધરી, મિલનભાઈ ચૌધરી સહિત અનેક ભૂતપૂર્વ શિક્ષકો, વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# હિંમતનગર સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સ્નેહ-મિલન કાર્યક્રમ યોજાયો



ભિલોડા,તા.૧

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર શહેરના તમામ બ્રાહ્મણ પરીવારજનોમાં ઐક્ય,સ્નેહનું ભાતૃભાવ કેળવી બ્રાહ્મણ સમાજના સર્વાંગી ઉત્થાન માટે સમસ્ત બ્રહ્મ સમાજ, હિંમતનગરના સંયુક્ત ઉપક્રમે સ્નેહ-મિલન સમારંભ અને વિદ્યોત્તેજક ઈનામ વિતરણ અને ચિત્ર સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો.સમારંભ અધ્યક્ષ અને મુખ્ય વકતા ભાગ્યેશ જહાં (આઈ.એ.એસ.) પુર્વ સચિવ, સાહિત્યકાર અને કવિ, યજ્ઞેશભાઈ દવે ગુજરાત બ્રહ્મ સમાજ અગ્રણી સહિત સમસ્ત બ્રાહ્મણ સમાજના અગ્રણી આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. હિંમતનગર સમસ્ત બ્રહ્મ સમાજ કારોબારી સભ્યો, પરીવારજનો ઉપસ્થિત રહ્યા હતા. હિંમતનગર સમસ્ત બ્રહ્મ સમાજ પ્રમુખ પ્રફુલભાઈ વ્યાસ, મહામંત્રી મુકેશભાઈ જાની, કન્વીનર હરીહરભાઈ વ્યાસ, સહ કન્વીનર બકુલભાઈ પંડ્યા, મિતેષભાઈ ભટ્ટ સહિત કારોબારી સભ્યોએ સામાજીક કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ખેડબ્રહ્મા નગરપાલિકાની જનરલ સભા યોજાઈ

ખેડબ્રહ્મા, તા.૧

ખેડબ્રહ્મા નગરપાલિકાની જનરલ સભા સોમવાર નગરપાલિકાના હોલમાં પ્રમુખ જલકબેન પટેલના અધ્યક્સ સ્થાને મલી હતી. જેમાં શહેરના વિકાસ કાર્યોના ઠરાવો કરવામાં આવ્યા હતા જેમાં નગરપાલીક વિસ્તારમાં સી.સી.ટીવી કેમેરા લગાડવા, ડૉર ટૂ ડૉર કચરો એકઠો કરવા એજન્સીની નિમણૂક કરવી, વૃક્ષનું મોટાપાયે વાવેતર કરવું, રિવારફ્રન્ટની કેન્ટીન ભાડે આપવી, શહેરમાં આવેલ વિવિધ પિક અપ સ્ટેન્ડ રીનોવેશન કરવા , જૂની એમ્બ્યુલન્સ ને શબ વાહીની મા તબદિલ કરી નવીન એમ્બ્યુલન્સ વસાવવી, જેવા કામોના ઠરાવ કરવામાં આવ્યા હતા, આ કામોને વેપારીઓ અને. પ્રજા ધ્વારા આવકારવામાં આવ્યા હતા.

# ધુલેટા ગામમાં ભારત સ્કાઉટ ગાઈડ સંઘ ધ્વારા સમાજ સેવાનો કાર્યક્રમ યોજાયો



ભિલોડા,તા.૧

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ ધ્વારા સમાજ સેવાનો ધુલેટા ગામમાં જલારામ મંદીરમાં કાર્યક્રમ યોજાયો હતો.પર્યાવરણ બચાવો અભિયાન અંતર્ગત પ્લાસ્ટીક મુક્ત સંદર્ભે વિવિધ કાર્યક્રમ યોજાયો હતો. ભારત સ્કાઉટ ગાઈડ સંઘ, સાબરકાંઠા જીલ્લા ચીફ કમીશનર અતુલભાઈ દિક્ષીત, ગાઈડ કમીશનર ભારતીબેન ચૌધરી, અરવલ્લી જીલ્લા ચીફ કમીશનર સંગીતાબેન સોની, ધુલેટા જલારામ મંદીર અન્ન ક્ષેત્ર ટ્રસ્ટ પ્રમુખ મનોજભાઈ ઉપાધ્યાય, ડી. એમ. બી. પી. હાઈસ્કુલ બામણા આચાર્ય આર. ડી. પટેલ, સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા ભારત સ્કાઉટ ગાઈડના બામણા હાઈસ્કુલના વિદ્યાર્થીઓ, શિક્ષકો, ગ્રામજનોની ઉપસ્થિતીમાં સમાજ સેવાનો, પ્લાસ્ટીક મુક્ત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. સફળ સંચાલન સ્કાઉટ ગાઈડ માસ્ટર, બામણા વિષ્ણુભાઈ સોલંકીએ કર્યું હતું.

## પ્રભાતના પગરવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હરિકેશવદાસજી આધ્યાત્મિક મોરચે સક્રિય છે. તેમને પણ વર્ષગાંઠના વંદન પાઠવીએ છીએ. નગરની સમસ્યાઓ અને વિકાસ માટે સૌને જાગૃત રાખવા પ્રજા પ્રહરી શહેર વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બુચને પણ વર્ષગાંઠે પ્રણામ પાઠવીએ છીએ. આ ઉપરાંત નગરના રાજકીય આગેવાનો, સામાજીક આગેવાનો, સાંસ્કૃતિક જગતના અગ્રણીઓ સૌ સાથે મળીને ગાંધીનગરને ગૌરવશાળી ઉંચાઈ પર પહોંચાડવા સતત મથામણ કરે છે એ સૌને અભિનંદન છે, વંદન છે અને ગાંધીનગરમાંથી ઉછરેલા તેજસ્વી તારલાઓ રાજ્ય અને રાષ્ટ્રમાં અનોખુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે એવા સૌ સિદ્ધિ સંપન્ન ગાંધીનગરાઓને વર્ષગાંઠના વ્હાલ વંદન પાઠવીએ છીએ.

આ સ્મરણ સેવામાં શરતચુકથી કોઈ નામોલ્લેખ રહી ગયો હોય તો આગોતરી ક્ષમાયાતના સાથે સૌને વર્ષગાંઠના અભિનંદન. - સલામ ગાંધીનગર પ્રણામ ગાંધીનગર.

## રેપોરેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો હતો. આની સાથે જ રેપોરેટ વધીને હવે ૬.૫૦ થઈ ગયો છે. આરબીઆઈએ તેના ભાગરુપે રેપોરેટની સાથે સાથે રિવર્સ રેપોરેટમાં પણ ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કર્યો છે. આની સાથે જ આ દર વધીને ૬.૨૫ ટકા થયો છે તેમાં પણ વધારો કરવામાં આવ્યો છે. આરબીઆઈની મોનિટરી પોલિસી કમીટીએ તમામ પાસાઓને ધ્યાનમાં લઈને રેટમાં વધારો કર્યો છે. કમિટિએ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં દેશના જીડીપી વૃદ્ધિદરનો અંદાજ ૭.૪ ટકા રહેવાની વાત કરી છે જ્યારે જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં મોંઘવારીનો દર ૪.૬ ટકા, જુલાઈ-ડિસેમ્બરમાં ૪-૮ ટકા અને આગામી નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં મોંઘવારીનો દર પાંચ ટકા રહેવાની વાત કરવામાં આવી છે. આરબીઆઈના આ પગલાના પરિણામ સ્વરુપે બેંકો પણ લોનના વ્યાજદર વધારી શકે છે.

## નવા રાજ્યપાલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોકલી દેવાની હિલચાલ ચાલી રહી હતી. વર્તમાન રાજ્યપાલ વોરા લાંબા સમયથી હવે આ હોદ્દા પર રહેવા માટે ઈચ્છુક નથી. સુત્રોએ કહ્યુ છે કે મહર્ષિ ચોક્કસપણે આ પદ માટે દાવેદાર છે. જો કે હજુ સુધી તેમના નામને અંતિમ રૂપ આપી દેવામાં આવ્યુ નથી. રાજ્યની સ્થિતીને ધ્યાનમાં લઈને આ પદ માટે ચાર પૂર્વ વરિષ્ઠ લશ્કરી અધિકારીઓના નામ પણ સામેલ દેખાઈ રહ્યા છે. સુત્રોના કહેવા મુજબ વોરા કેટલીક વખત કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહ સમક્ષ હવે આ હોદ્દા પર જારી રહેવા ઈચ્છુક નથી તેમ કહી ચુક્યા છે.

## મરાઠા આંદોલન

● અનુસંધાન પહેલાનું ચાલુ

લઈને પણ મુદ્દો ગરમી પકડી રહ્યો છે. સોમવારના દિવસે પુણે-નાસિક મહામાર્ગ ઉપર વ્યાપક હિંસા થઈ હતી. મંગળવારના દિવસે પણ સરકારી બસ સેવા બંધ કરવામાં આવી હતી. સોમવારે થયેલી હિંસામાં આઠ કરોડનું નુકસાન થયું હતું. પુણે હિંસાના સંદર્ભમાં હજુ સુધી ચાર હજાર લોકો સામે કેસ દાખલ કરાયો છે. નોકરીમાં અનામતની માંગને લઈને મરાઠા સમુદાયના આંદોલનના પરિણામ સ્વરુપે છેલ્લા સપ્તાહથી હજુ સુધી છ લોકોના મોત થઈ ચુક્યા છે. મરાઠા અનામત આંદોલનને લઈને તંગદિલીનો દોર જારી રહ્યો છે. મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લામાં ૩૮ વર્ષીય વ્યક્તિએ આપઘાત કરી લીધા બાદ મરાઠા આંદોલનમાં હજુ સુધી મોતનો આંકડો વધીને છ સુધી પહોંચી ગયો છે. પોલીસે કહ્યું છે કે, આ મુદ્દા ઉપર ઔરંગાબાદમાં એક વ્યક્તિ દ્વારા આત્મહત્યા કરી લેવામાં આવી છે. ૨૮ વર્ષીય પ્રમોદ ઘોરે પાટીલે આપઘાત કર્યો હતો. પ્રમોદે રવિવારના દિવસે ફેસબુક અને વોટ્સએપ પર લખ્યું હતું કે તે અનામતની માંગને લઈને પોતાની જાન આપી દેશે. આ પોસ્ટ બાદ તેની શોધખોળ શરૂ થઈ હતી. આખરે તેનો મૃતદેહ મળી આવ્યો હતો.

## બિલ રજૂ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વટહુકમ લાવવાની ફરજ પડી હતી. દલિત સંગઠનોએ સરકારને ચેતવણી આપી હતી કે, તેમની માંગ માનવામાં નહીં આવે તો ૯મી ઓગસ્ટના દિવસે ફરી એકવાર આંદોલન માટે માર્ગો ઉપર ઉતારવામાં આવશે. ગયા સપ્તાહમાં જ સરકારના સાથી પક્ષ લોકજનશક્તિ પાર્ટીના નેતા રામવિલાસ પાસવાને દલિતોની માંગને સ્વીકારવા માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જસ્ટિસ ગોયેલને એનજીટીના ચેરમેનપદેથી દૂર કરવાની માંગ કરી હતી. જસ્ટિસ જજ એ બે જજો પૈકી એક છે જે જજે અનુસૂચિત જાતિ અને જનજાતિ અત્યાચાર રોકવા સાથે સંબંધિત આદેશ જારી કર્યો હતો. એલજેપીએ પોતાના નેટવર્કને વધારવાના હેતુસર હાલમાં જ એસસી અને એસટી એક્ટને લઈને ભાજપને અલ્ટીમેટમ આપ્યું હતું અને કહ્યું હતું કે, ભાજપને સમર્થન મુદ્દા ઉપર આધારિત છે. પાર્ટીએ દલિતો ઉપર અત્યાચારના વિરુદ્ધ કાયદામાં કઠોર જોગવાઈ કરવા તથા ૯મી ઓગસ્ટ સુધી એનજીટીના અધ્યક્ષને હોદ્દા પરથી દૂર કરવા માટે કહ્યું હતુ. જનતા દળ યુનાઈટેડ દ્વારા દલિત એક્ટને વધુ કઠોરરીતે અમલી કરવાને લઈને એલજેપીની માંગણીને સમર્થન આપ્યું હતું. ૧૩૧ સાંસદો અને ૧૦૦૦થી વધારે ધારાસભ્યોને પત્ર લખીને અનામત સીટોને લઈને રજૂઆત કરવા માટે કહેવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટ દ્વારા એસસી અને એસટી એક્ટમાં કરવામાં આવેલા ફેરફારને ફગાવી દેવાના સંદર્ભમાં વટહુકમ લાવવાની માંગ કરવામાં આવી હતી.

## મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલુ

ગઈ હતી. કોઈ ટિકિટ લેવા જવાનું હોય, કોઈ દુકાનમાંથી કશું ખરીદવાનું હોય, કોઈ આગળપાછળ રહી ગયું હોય અને એને ખોળવા ધક્કો ખાવાનો હોય, આ બધા જ કામ તે આનંદપૂર્વક કરતો. ( પાર્વતી છૂટી પડી ગઈ ત્યારે તે મળી ગઈ છે તેવું મને કહેવા એ જ દોડતો આવ્યો હતો.) બીજું સારામાં સારું કામ ફોટા પાડવાનું કરતો હતો. મારા કેમેરામાં જે પાંચસાત મારા ફોતા પડ્યા છે તે બ્રિજેશના પ્રતાપે. બ્રિજેશ ઈતિહાસનો અભ્યાસ ફક્ત પરીક્ષાઓ પૂરતો કરતો ન હતો. તેને ઐતિહાસિક તથ્યોમાં પણ પૂરો રસ હતો. કાઠમંડુમાં બૌધ્ધ સ્તુપ જોવા જેવો છે અને પોખરામાં શાંતિસ્તુપ એક વિશ્વકક્ષાની જોવાલાયક જગ્યા છે તેવી હું માનું છું ત્યાં સુધી એને એકલાને જ ખબર હતી. જો તે અમારી સાથે ના હોત તો ચોક્કસ બંને બૌધ્ધ સ્થાપત્ય જોયા વગર મારો પ્રવાસ પૂરો થઈ જાત. એક સહદયી મિત્ર જેવું તેનું વર્તન હતું અમારી વચ્ચેનું ઉંમરનું અંતર જાણે ઓગળી ગયું હતું.

આયોજક રમેશભાઈ જ્યારે મધુભાઈ સાથે રાજુભાઈના ઘેર મળ્યા હતા ત્યારે ફોટોગ્રાફર પણ સાથે આવ્યા હતા. તે રમેશભાઈના પિતાજી જ્યારે પ્રવાસો કરતા ત્યારે પણ આ પ્રવૃત્તિ સાથે જોડાયેલા હતા. હવે ઘરડા થયા છે પણ ફોટા એવા જ સરસ પાડે છે. ઈશ્વરભાઈએ એમની પાસે ઘણા ફોટા પડાવ્યા હતા. અમારા પણ ચાર જનરલ ફોટા એમણે પાડ્યા હતા.હું ઘણીવાર બહાર આંટા મારતો હોઉં અને તે મળી ગયા હોય તો સાથે ચા પીવાના બેત્રણ પ્રસંગો પણ બન્યા છે. પ્રવાસમાં રસોઈ બનાવનાર સારા હોવા જોઈએ. નહીંતર યાત્રાળુઓની તબિયત બગડયા વગર ના રહે. પરબતભાઈ, જીવાભાઈ, અને નયન ત્રણે જણાં સહેજ પણ કંટાળ્યા વગર પૂરા વગર પંદર દિવસ બધાને સરસ રસોઈ જમાડી. જ્યાં રસ્તામાં ભોજન કરવાના પ્રસંગ ઉપસ્થિત થયા ત્યાં સાથે લાવેલી સવારે બનાવેલી આઈટમો વહેંચી. ફક્ત એકવાર અડધે રસ્તે સમોસા અને ચાથી ચલાવવું પડેલું તે તમે આગળ વાંચ્યું છે. એક હોટલની બહાર તાપણી તાપતા નયને કહ્યું, 'મારો એક ફોટો પાડો.' મેં ખુશીથી એના ફોટા પણ પાડ્યા હતા. અમારી બસનો ડ્રાયવર ખુબ મળતાવડો હતો. પોખરા જતાં એની ઊંઘ પૂરી નહીં થયેલી તે મારી રૂમમાં આવી ઊંઘી પણ ગયેલો. મને પશુપતિનાથના મંદિરે જતાં અવળા ધક્કાથી એણે જ બચાવેલો. એનો પણ એક સરસ ફોટો પડી. ફ્રી હોય અને આનંદમાં હોય તો રસોઈવાળાને મદદ કરવા પણ બેસી જતો. એનો પણ એક સરસ ફોટો પડી ગયો છે. પશુપતિનાથના મંદિરે જતાં હું અરધે રસ્તે ચડી ગયેલો ત્યારે આ ડ્રાયવરે જ મને સીધે રસ્તે વાળેલો.

(૨) અમે પહેલી ફેબ્રુઆરીના રોજ બપોરે બાર વાગ્યે ગાંધીનગરથી નીકળ્યા.મધુમામાનો દીકરો ગાડી લઈને આવ્યો હતો.ઈશ્વરલાલ અને ઈન્દુબેન થોડા વહેલા પાટણથી આવી ગયા હતા. ગાડીમાં વાતો કરતા કરતા અમે રેલવે સ્ટેશન પહોંચી ગયા. મૌલિક અને શીતલ અલગ ગાડીમાં આવ્યાં હતાં. બધાં સરકતી સીડીમાં ઉપર જવા તૈયાર થયાં.મને આપણી વિધાનસભાની સરકતી સીડીનો કડવો અનુભવ થયેલો હતો. એટલે હું તો નિરાંતે ઊભો હતો પણ સહુથી આગળ ઉષાબેન અને તેમનો હાથ પકડીને પાર્વતી આ સરકતી સીડી પર બહુ હોંશથી સવાર થઈ ગયાં. પરંતુ એસ્કેલેટર જેવું થોડેક દૂર ગયું કે કદાચ પાર્વતીએ સમતોલન ગુમાવ્યું અથવા બની શકે કે ઉષાબેને પણ ગુમાવ્યું હોય કારણ કે તેમના હાથમાં બે ત્રણ વસ્તુઓ ઝાલેલી હતી.બંને ગબડ્યાં. બૂમાબૂમ થઈ ગઈ. મેં ઓપરેટર શોધવા આમતેમ ફાંફા માર્યા. પણ અહીં કોઈ ઓપરેટર તો હોતો નથી. શું કરવું એની કંઈ સમજ પડતી ન હતી. ત્યાં સદ્ભાગ્યે એક ભાઈએ મને કહ્યું સ્ટોપની સ્વીચ દબાવી દો. હું સ્ટોપની સ્વીચ શોધવા લાગ્યો. ક્યાંય કશું દેખાતું ન હતું. પ્રભુકૃપાથી એસ્કેલેટરની છેક બીજી બાજુએ એક લાલ ટપકું દેખાયું. મેં દોડીને દબાવી દીધું. સીડી અટકી. સહુના જીવમાં જીવ આવ્યો. બંને જણ ખુબ ગભરાઈ ગયા હતા. ઝટપટ નીચે ઉતર્યાં. પછી તો બધો સામાન લઈ આખી સીડી ચડ્યા.

ભલે એ વખતે બરાબરના ગભરાઈ ગયેલાં પણ હવે જ્યારે જ્યારે આ પ્રસંગ યાદ કરે છે ત્યારે બંને જણાં ખુબ હસે છે. ' અમે તો પહેલે પગથિયે જ પશુપતિનાથ ભગવાનને પ્રણામ કરી દીધા'તા.' એવું કહે છે.

# અમદાવાદની અપોલો હોસ્પિટલની મોટી સિદ્ધિ

## ગુજરાતમાં બ્લડ ટ્રાન્સફ્યુઝન વિના લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરનાર પ્રથમ હોસ્પિટલ બનીને નવી શરૂઆત કરી

અમદાવાદ, તા. ૧

અમદાવાદની અપોલો હોસ્પિટલ્સે બ્લડ ટ્રાન્સફ્યુઝન વિના લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી (લિવરનું પ્રત્યારોપણ કરવાની શસ્ત્રક્રિયા) કરીને નવી શરૂઆત કરી છે. સર્જરી દરમિયાન બ્લડ ટ્રાન્સફ્યુઝન વિના લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી થઈ હોય એવો ગુજરાત રાજ્યનો આ પ્રથમ કિસ્સો છે.

અપોલો હોસ્પિટલ્સ, અમદાવાદનાં પ્રોગ્રામ ડાયરેક્ટર અને લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ચિરાગ જે. દેસાઈએ કહ્યું હતું કે, ભારતમાં દર વર્ષે ૧૫૦૦થી વધારે લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી થાય છે. અંગોનું દાન કરવાની જાગૃતિ ન હોવાથી પર્યાપ્ત અંગોની અનુપલબ્ધતા, ઓપરેશનમાં ટેકનિકલ પડકારો, ઈનહાઉસ બ્લડ બેંક સાથે સુસજ્જ માળખાગત સુવિધા તથા આ પ્રકારના દર્દીઓની ઓપરેશન પૂર્વે અને ઓપેરનશ પછી સારસંભાળ રાખવા માટે યોગ્ય ટીમવર્કની જરૂરિયાત હોવાથી દેશમાં જેટલા દર્દીઓને લિવર ટ્રાન્સપ્લાન્ટની જરૂર છે એટલી સંખ્યામાં સર્જરી થતી નથી. અપોલો હોસ્પિટલની ટ્રાન્સપ્લાન્ટ ટીમ પોતાની કુશળતા માટે પ્રસિદ્ધ છે અને અત્યારે અમને ગુજરાતમાં બ્લડ ટ્રાન્સફ્યુઝન વિના સૌપ્રથમ લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરવાનો ગર્વ છે.

આ નવી શરૂઆત વિશે વિગત આપતા લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. લક્ષ્મણ ખીરિયાએ કહ્યું હતું કે તાજેતરમાં અમદાવાદની અપોલો હોસ્પિટલ્સમાં મૃતક દાતાના શરીરમાંથી લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી હાથ ધરવામાં આવી હતી. લિવર ટ્રાન્સપ્લાન્ટ મનુષ્ય પર હાથ ધરવામાં આવતી સૌથી વધુ મુશ્કેલ સર્જરીઓમાં સામેલ છે. આ ઓપરેશન ૬ કલાક ચાલ્યુ હતુ અને સામાન્ય રીતે આ પ્રકારના ઓપરેશન માટે ૮ થી ૧૦ કલાકની જરૂર પડે છે. તેમજ તેમાં ૧૦ થી ૨૦ યુનિટ બ્લડ અને બ્લડ પ્રોડક્ટસની જરૂર પડે છે. સર્જરી માટે ઉત્કૃષ્ટ ટેકનિક અને સુસંકલિત ટીમ વર્કથી અમે ઓપરેશન દરમ્યાન બ્લડ ટ્રાન્સફ્યુઝન વિના સર્જરી પૂર્ણ કરી શક્યા હતા.